**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : અશરફ નથવાણી**

**ડીઇઓ : પ્રદિપ ચાવડા**

**તારીખ : 25-05-2024 સમય : સવારે 6.50 વાગ્યે**

---

## લોકસભા ચૂંટણી છઠ્ઠા તબક્કાનું મતદાન

લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કા માં 7 રાજ્યો અને એક કેન્દ્ર શાસિત પ્રદેશની 58 બેઠકો માટેનાં મતદાનનો હવે ગણતરીની ઘડીઓમાં પ્રારંભ થશે. આજે જ્યાં મતદાન થવાનું છે એમાં સૌથી વધુ 14 બેઠકો ઉતર પ્રદેશની છે બિહાર અને પશ્ચિમ બંગાળની આઠ આઠ, ઓડિશાની 6 અને ઝાર ખંડની 4 તથા જમ્મુ કાશ્મીરની એક બેઠકનો સમાવેશ થાય છે. ઉપરાંત, આજે હરિયાણાની બધી 10 અને દિલ્હીની 7 બેઠકો પર એકજ તબક્કામાં મતદાન થશે.

આજે જેમના ભાગ્યનો ફેંસલો થશે એમાં ભાજપના ધર્મેન્દ્ર પ્રધાન, મેનકા ગાંધી, મનોજ તિવારી, હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટર, કોગ્રેસના કનૈયાકુમાર, જમ્મુ કાશ્મીરનાં પૂર્વ મુખ્યમંત્રી પીડીપીનાં મહેબૂબા મુફ્તી વિગેરે મુખ્ય ઉમેદવારો છે. મતદાન સવારે 7 વાગ્યે શરૂ થશે અને સાંજે 6 વાગ્યે પૂરું થશે. 889 ઉમેદવારો ચૂંટણી જંગમાં છે.

ચંદ્રવદન પટ્ટણી

---

## દૂરદર્શન કિસાન ચેનલ-એઆઇ એન્કર

દુરદર્શન કિસાન ચેનલ એઆઇ ક્રીશ અને એઆઇ ભૂમિ આ બંને એઆઇ એન્કરોનો ઉપયોગ કરનાર દેશની પહેલી સરકારી ટીવી ચેનલ બનશે.

કેન્દ્રિય કૃષિમંત્રાલયની યાદીમાં જણાવ્યું છે કે, આ એન્કરો 50 ભાષાઓમાં વાતચીત કરી શકે છે. તેમજ સતત 24 કલાક સુધી સમાચારવાચનની ક્ષમતા ધરાવે છે. સમગ્ર દેશના બધા જ રાજયોના કિસાન ચેનલના દર્શકો આ એન્કરને નિહાળી શકશે. આ એઆઇ એન્કરો કૃષિ ક્ષેત્રના દેશવિદેશમાં થતા સંશોધનો, હવામાનની અને સરકારી યોજનાઓની જાણકારી દર્શકોને પૂરી પાડશે. ઉલ્લેખનીય છે કે, આગામી 26મી મે થી દૂરદર્શનની કિસાન ચેનલ નવા સ્વરૂપમાં રજૂ થશે.

**RNU અમદાવાદ**

---

## મહિલા ખેડૂતોને તાલીમ

રાજ્યમાં 27મી મે થી 15 જુલાઇ દરમિયાન 12 હજાર 690 મહિલા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિની  પાંચ દિવસની ઘનિષ્ઠ તાલીમ અપાશે.  રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પ્રાકૃતિક કૃષિ સખીના પંચદિવસીય તાલીમ અભિયાનના આરંભે જણાવ્યું કે ગુજરાતમાં

પ્રાકૃતિક ખેતીમાં મહિલાઓની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ બની રહેશે. આ તાલીમથી પ્રાકૃતિક કૃષિના જનઅભિયાનને નવું બળ મળશે.

27 મી મેથી પ્રથમ તબક્કામાં આણંદ, પંચમહાલ, વડોદરા, છોટાઉદેપુર, અમરેલી, રાજકોટ, સુરત, કચ્છ, પાટણ અને તાપી જિલ્લાઓમાં કૃષિ સખીઓને તાલીમ અપાશે.

15મી જુલાઇ સુધીમાં સમગ્ર રાજ્યમાં 423 તાલીમ કાર્યક્રમ દ્વારા 12 હજાર 690 પ્રાકૃતિક કૃષિ સખીઓને તાલીમબદ્ધ કરાશે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## તાપમાન

હવામાન વિભાગે ગુજરાત સહિત કેટલાક રાજ્યોમાં આગામી 5 દિવસ સુધી ગરમીનું તીવ્ર મોજું ફરી વળે તેવી શકયતા દર્શાવી છે.

હવામાન વિભાગના આર.કે.જેનમનીએ આકાશવાણી સાથેની વાતીચીતમાં જણાવ્યું કે, આ સમયગાળામાં સંબંધિત વિસ્તારોમાં મહત્તમ તાપમાન 44 થી 48 ડીગ્રી સેલ્સિયસ રહેવાની સંભાવના છે. આથી હવામાન વિભાગે સંબંધિત વિસ્તારોમાં રેડ અને ઓરેન્જ એલર્ટ જારી કર્યા છે.

દરમિયાન છેલ્લા દસ દિવસ કરતાં વધુ સમયથી કચ્છ  ગરમીના અતિ આકરા અને તીવ્ર દોરમાંથી પસાર થઈ રહ્યો છે. જો કે, છેલ્લા બે દિવસથી તાપમાનમાં જોવા મળતા સામાન્ય ઘટાડા વચ્ચે

હજુ ત્રણ દિવસ ગરમીની આકરી આણ અનુભવાય પછી રાહત મળે

તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

ગઈકાલે તાપમાનમાં સરેરાશ એક ડિગ્રીનો ઘટાડો જોવા મળ્યો હતો. જો કે, બપોરના સમયે લૂ ઓકતો ઉની વાયરો ફૂંકાતાં જનજીવન અકળાયું હતું.

જીલ્લા મથક ભુજમાં ૪૨.૫ અને ગાંધીધામમાં ૪૪.૧ ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું જયારે નલિયામાં મહત્તમ તાપમાન ૩૬.૬ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું.

**N.P. અશરફ નથવાણી**

---

## યોગ બોર્ડ : સમર કેમ્પ

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા અંજારમાં શ્રી ઉન્નતિ પ્રાથમિક અને માનવ વિદ્યામંદિર માધ્યમિક શાળા ખાતે સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે. આ સમર કેમ્પમાં 100થી વધારે બાળકો એ ભાગ લીધો છે. જેમાં બાળકોને યોગ, ધ્યાન, વિવિધ રમતો અને બાળકોમાં પર્સનાલિટી ડેવલોપ થાય અને બાળકની શારીરિક અને માનસિક ક્ષમતા વધે એવી અવનવી રમતો રમાડી ઉત્સાહ વધારવામાં આવી રહ્યું છે. સાથે સાથે સમર કેમ્પના અંતિમ દિવસે બાળકોને ગિફ્ટ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવશે.

**N.P. અશરફ નથવાણી**

------------------------------------------------------------------------

## આઇપીએલ

ઇન્ડિયન પ્રીમિયર લીગમાં અંતિમ મુકાબલો કોલકાતા નાઈટ રાઇડર્સ અને સનરાઇઝર હૈદરાબાદ ની ટીમો વચ્ચે થશે. ગઈકાલે ચેન્નઇનાં એમ એ ચિદમ્બરમ્ સ્ટેડિયમ ખાતેની બીજી ક્વોલીફાયર મેચમાં હૈદરાબાદની ટીમે રાજસ્થાન રોયલ્સની ટીમને ૩૬ રનથી હાર આપી હતી. હૈદરાબાદ ટીમે 9  વિકેટના ભોગે 175 રન કર્યા હતા. જેના જવાબમાં રાજસ્થાનની ટીમ વિજયી લક્ષ્યાંકને આંબી શકી નહોતી અને 7 વિકેટ ગુમાવી 139  રન જ કરી શકી હતી. અંતિમ જંગ આજ મેદાન પર આવતીકાલે રમાશે.

ચંદ્રવદન પટ્ટણી

------------------------------------------------------------------------

## NDRF- જાગૃતિ કાર્યક્રમ

NDRF ટીમ દ્વારા અંજાર તાલુકાના વિવિધ ઉદ્યોગ તેમજ દરિયાકાંઠાના ગામો અને નીચાણવાળા વિસ્તારમાં સામાજીક જાગૃત્તિ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં આપત્તિ વ્યવસ્થાપનના ભાગરૂપે ધરતીકંપ, સુનામી, પુર, વાવાઝોડું, આગ લાગવી અને અકસ્માત વખતે આપત્તિઓ સમયે કઈ રીતે લોકોને બચાવી શકાય તે અંગે લોકોને વાકેફ કરવામાં આવ્યાં હતાં.

**N.P. અશરફ નથવાણી**